Extra No. 255

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, SEPTEMBER 11, 2025 / BHADRA 20, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-નપા-વારાફરતી-સ્થા.સ્વ.-૧૪૦(૫)-૦૮૨૦૨૫-ક/૧૮૬૯૮૪ થી ૧૮૭૦૨૧:

૧. ભારતના બંધારણના અનુચ્છેદ-૨૪૩-ડ- અને ૨૪૩-વ-કથી મળેલ સત્તાની રૂએ પંચાયતો, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની તમામ ચૂંટણીઓ માટે મતદારીયાદી તૈયાર કરવા ઉપર અને ચૂંટણીઓ ઉપર દેખરેખ માર્ગદર્શન, નિયંત્રણ રાખવાનું તથા તેના સંચાલનની કામગીરી રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

૨. ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-૭ ની જોગવાઇ તથા ગુજરાત ડીલીમીટેશન ઓફ વોર્ડઝ એન્ડ એલોકેશન ઓફ રીઝર્વ સીટસ ઈન મ્યુનિસિપલ બરો રૂલ્સ, ૧૯૯૪ હેઠળની જોગવાઈઓ તથા તેમાં થયેલ વખતો વખતના સુધારાઓ મુજબ રાજ્ય ચૂંટણી આયોગ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તથા સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકો ફાળવવાની કાર્યવાહી કરે છે. આ જોગવાઇ અનુસાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની સૌથી ઉંચી ટકાવારી ધરાવતા વોર્ડોમાં આ વર્ગો માટે અનામત રાખેલી બેઠકો ઉતરતા ક્રમે રાજ્ય ચૂંટણી આયોગે ફાળવવાની છે. આ બેઠકો પૈકી યથાપ્રસંગ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખેલ બેઠક કયા વોર્ડમાં ફાળવવી તે રાજ્ય ચૂંટણી આયોગે નિર્દિષ્ટ કરવાનું છે. નિયમ-૬ મુજબ રાજ્ય ચૂંટણી આયોગ પોતે નક્કી કરે તેવા સુત્ર (Formula) અનુસાર પછાતવર્ગો તથા આ વોર્ગોની સ્ત્રીઓ સહિતની અનામત થયેલ બેઠકો ફાળવવા પોતે નિર્દિષ્ટ કરવાનું છે. નિયમ-૬ની જોગવાઇ અનુસાર રાજ્ય ચૂંટણી આયોગના કાર્યાલય આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક, તા.૧૧-૧૨-૨૦૧૪થી માપદંડ નક્કી કરેલ છે.

૩. ૨૦૧૧ની વસ્તી ગણતરી આધારે વોર્ડ સીમાંકન કરતી વખતે રાજ્યમાં નવા જિલ્લા / તાલુકા બનતા અને સ્વરાજ્યના એકમોમાં ૫૦ ટકા મહિલા અનામત અંગેનો કાયદો અમલમાં બનતા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા.૦૨-૦૨-૨૦૧૫થી વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના નિયમાનુસાર (de novo) નવેસરથી બેઠકો ફાળવવા અને બીજી સામાન્ય ચૂંટણી માટે નિયમાનુસાર રોટેશન કરવા આદેશ કરવામાં આવેલ છે.

૪. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (ગુજરાત-૧૭ ઓફ ૨૦૨૩), તા. ૨૯/૦૯/૨૦૨૩થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કુલ બેઠકો પૈકી ૨૭ ટકા બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૫. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ- કેવી/ ૨૦૫ ઓફ ૨૦૨૫/ યુડીયુએચડી/એમઈએ/ ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૨૩૬૪/એમ, તા.૨૧/૦૬/૨૦૨૫ થી ગુજરાત ડીલીમીટેશન ઓફ વોર્ડઝ એન્ડ એલોકેશન ઓફ રીઝર્વ સીટસ ઈન મ્યુનિસિપલ બરો રૂલ્સ, ૧૯૯૪ના નિયમ-૭માં સુધારો કરી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગો તથા મહિલાઓની અનામત બેઠકોની એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં વારાફરતી (Rotation) કરી બેઠકોની ફાળવણી શક્ય હોય ત્યાં સુધી દર પાંચ વર્ષે એક સામાન્ય ચૂંટણી પછી બીજી સામાન્ય ચૂંટણી થાય ત્યારે કરવા અંગેનો સુધારો કરવામાં આવેલ છે.

૬. ભારતના બંધારણના અનુચ્છેદ-૨૪૩-વક, ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩, તથા તે હેઠળ બનેલા નિયમો તથા શહેરી વિકાસ વિભાગના પેરા-૫ માં દર્શાવેલ તા.૨૧-૦૬-૨૦૨૫ના જાહેરનામામાં કરેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ નગરપાલિકાઓની આગામી સામાન્ય ચૂંટણી માટે નગરપાલિકાઓના વોર્ડોમાં બેઠકોની વારાફરતી ફાળવણી કરવા નીચે મુજબના માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરવામાં આવે છે.

(ક) જે નગરપાલિકાઓ માટે કેટલાક ઉમેરાયેલા વિસ્તારો બાદ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) કરવાનું છે તેવી નગરપાલિકાઓમાં અગાઉ ૨૦૧૫ની સામાન્ય ચૂંટણી/૨૦૨૧ની સામાન્ય ચૂંટણી વખતે કરેલ વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત)ના વોર્ડ નંબર/વોર્ડના નામ મહદઅંશે સરખા વિસ્તારના હોય તો, તે નવા વોર્ડ સીમાંકન વખતે અનામત બેઠકોની ફાળવણી સમયે, અનામત બેઠકો પુનરાવર્તીત ન થાય, તે રોટેશન કરતી વખતે ધ્યાનમાં લેવાનું રહેશે. મતલબ કે નવા સીમાંકન બાદ જો વોર્ડ રચનામાં આંતરિક ફેરફાર થતા હોય તો તે ધ્યાને લેવાના રહેશે નહિ. તે મુજબ હદમાં ફેરફાર થયેલ નગરપાલિકાઓની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણીઓ માટે કાયદા / નિયમોની જોગવાઈઓને અનુરૂપ વારાફરતી બેઠકો ફાળવણી કરવાની રહેશે.

(ખ) સને ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે શહેરી વિકાસ વિભાગ દ્વારા ઉમેરાયેલા વિસ્તાર માટે નગરપાલિકાના વોર્ડ સંખ્યા / અનામત બેઠકો સહિત નક્કી થયા મુજબ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની કરવાના થતાં ફાળવણીના આદેશોમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક છેલ્લા સીમાંકનમાં ફાળવાયેલ હોય, તે પુનરાવર્તીત થતી હોય તો, તેના ઉતરતા ક્રમમાં ત્યાર પછીના ખાસ ક્રમાંકને બેઠક ફાળવણી અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠકો અને આ વર્ગની સ્ત્રીને બીજાક્રમે રાખીને બેઠક ફાળવવાની રહેશે.

(ગ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ બેઠકોનું વારાફરતી ફાળવણી કર્યા બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠક છેલ્લા સીમાંકનમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસ્તી માટે કરવામાં આવેલ સર્વે અને સર્વે મુજબ વોર્ડવાર નિયત થયેલ ટકાવારીના ક્રમ મુજબ બેઠક ફાળવાયેલ હોય તેની પછીના ક્રમમાં અને રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી નક્કી કરેલા માપદંડ અનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં સ્ત્રીને બીજા ક્રમે આપી બેઠક ફાળવવાની રહેશે.

ઉક્ત તમામ વિગતો ધ્યાને લઈ જે નગરપાલિકાઓની આગામી ૨૦૨૬માં મુદત પૂર્ણ થાય છે/મુદત પૂર્ણ થયેલ છે તથા જેના હદવિસ્તારમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ફેરફાર કરવામાં આવેલ છે તેવી નગરપાલિકાઓના વોર્ડ સીમાંકન તથા બેઠક ફાળવણી કરતી વખતે પારા-૬ માં દર્શાવેલ માર્ગદર્શક સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.16 15:53:57 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar